પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯ | ૨૦ માર્ચ, ૨૦૧૮, મંગળવાર ; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પંજાબમાં હુક્કાબાર પર સંપૂર્ણ પ્રતિબંધ

મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહની કેબીનેટે રાજયના હુક્કાબાર પર સંપુર્ણ પ્રતિબંધનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો છે.

### શ્રીલંકામાં કટોકટી દૂર કરાઈ

સરકાર અને તમિલ ટાઈગર વિદ્રોહીઓ વચ્ચે ૬ માર્ચના રોજ થયેલી હિંસા બાદ શ્રીલંકામાં કટોકટી લાદી દેવાઈ હતી. જેને હવે દૂર કરી દેવાઈ છે.

### ટુજી મામલે ઈડી કોર્ટમાં પહોંચી

૨જી કૌભાંડમાં એ. રાજા અને કનોમોઝીને નિર્દોષ છોડી મુકાતા આ મામલે એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે.

### મુંબઈમાં ઓલા-ઉબરના ડ્રાઈવરો બેમુદત હડતાળ પર

ખાનગી કેબ કંપનીઓ ઓલા અને ઉબરના ડ્રાઈવરો સોમવારથી બેમુદત હડતાળ પર ઉતર્યા. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાર્ટીના ટેકાવાળા ટ્રાન્સપોર્ટ યુનિયન - મહારાષ્ટ્ર નવનિર્માણ વાહતુક સેનાની આગેવાની હેઠળ આ હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

### બ્રિટનમાં ૧૨ ઈંચ બરફવર્ષા

બ્રિટનમાં ૧૨ ઈંચ બરફવર્ષાથી કાતિલ ઠંડી છવાઈ ગઈ છે અને તેને કારણે વિમાની સેવાઓ ખોરવાઈ ગઈ છે. ૮૦ કિમીકલાકની ઝડપે ફંકાઈ રહેલા પવનના કારણે અહીંનું તાપામન -૮ સેલ્શિયસ પહોંચી જશે.

# અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરવામાં વિપક્ષ નિષ્ફળ

**હંગામાના કારણે સંસદ ઠપ : કોંગ્રેસ સહિત વિપક્ષો અને એનડીએના સાથી પક્ષોનું વલણ સ્પષ્ટ ન થતાં ટીડીપીએ જાણી જોઇને હોબાળો કર્યો : ટીડીપી-વાયએસઆર એ જ હંગામો કરતાં લોકસભા-રાજ્યસભાની કામગીરી અટકી : લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ : સરકારે ચર્ચા માટે તૈયારી દર્શાવી હોવા છતાં પણ વિરોધ પક્ષો એકમત ન થઇ શક્યા**



નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત આજે રજૂ કરી શકાઈ ન હતી. લોકસભામાં સતત ધાંધલ ધમાલનો દોર જારી રહ્યો હતો જેના લીધે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. વિરોધ પક્ષો અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં ફ્લોપ રહ્યા હતા. સરકારે કોઈપણ મુદ્દા ઉપર ચર્ચા કરવા માટે તૈયારી દર્શાવી હોવા છતાં વિરોધ પક્ષો આ દરખાસ્ત રજૂ કરી શક્યા ન હતા. આજે મોદી સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં સફળતા ન મળતા કેટલીક વિરોધ પક્ષોએ અન્નાદ્રમુક ઉપર આક્ષેપ કર્યો છે અને કહ્યું છે કે, ગૃહમાં જાણીજોઈને હોબાળો મચાવવામાં આવ્યો હતો. તેલુગુ દેશમ પાર્ટી અને વાયએસઆર કોંગ્રેસ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી શક્યા ન હતા. કારણ કે ધાંધલ ધમાલ જારી રહી હતી. અંતે ગૃહને મોકૂફ કરી દેવામાં આવ્યું હતું. જ્યારે પણ આને મંજુરી અપાશે ત્યારે મોદી સરકાર સરકાર સામે આ પ્રથમ દરખાસ્ત રહેશે. સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવે કહ્યું હતું કે, અવિશ્વાસ દરખાસ્ત પર વિરોધ પક્ષો ચર્ચા માટે તૈયાર હતા પરંતુ અન્નાદ્રમુકે કેન્દ્ર સરકાર તરફથી કામ કર્યું હોવાનું લાગે છે. કારણ

● અનુસંધાન પાન-૭ પર

## રશિયામાં વ્લાદીમીર પુટિનની ઐતિહાસિક જીત

**વર્ષ ૨૦૧૨ કરતા વધારે મત આ વખતે મળ્યા : રશિયાની પ્રજાએ પુટિનને છ વર્ષ માટે પ્રમુખ તરીકે ચૂંટ્યા**



કેમરોવ, તા. ૧૯

રસિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને રશિયામાં હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ઐહિાસિક જીત હાંસલ કરી લીધી છે. પુટિનને આ વખતે વર્ષ ૨૦૧૨ કરતા પણ વધારે મત મળ્યા છે. એવા સમયમાં જ જ્યારે રશિયા અને પશ્ચિમ દેશો વચ્ચેના સંબંધ ખરાબ રહ્યા છે ત્યારે પુટિનની આ જીત ખુબ મહત્વપૂર્ણ બની ગઇ છે. હવે પુટિન વર્ષ ૨૦૨૪ સુધી પ્રમુખ તરીકે રહેશે. પુટિન ૨૦૨૪માં પોતાની અવધિ પૂર્ણ થઇ જશે ત્યારે ૭૧ વર્ષના હશે. જેથી એ વખતે સોવિયત શાસક જોસેફ સ્ટાલિન બાદ સૌથી વધારે સમય સુધી સત્તામાં રહેનાર પ્રમુખ તરીકે બની જશે. પુટિને આ ચૂંટણી પહેલા પોતાના દેશના લોકોને ખાતરી આપી હતી કે તેઓપોતાના નવા કાર્યકાળામાં પશ્ચિમી દેશોની સામે સંરક્ષણ ક્ષેત્રમાં સંબંધ મજબુત કરશે. સાથે સાથે લોકોના જીવનધોરણમાં સુધારો લાવશે. રશિયાના ચૂંટણી પંચે માહિતી આપતા કહ્યુ છે કે છેલ્લા ૧૮ વર્ષથી રાજનીતિમાં પ્રભુત્વ ધરાવતા પુટિનને ફરી ૭૫.૯ ટકા મત મળ્યા હતા. જીત બાદ પુટિન પોતાના ચાહકોનો પણ આભાર માન્યો છે. તેમણે કહ્યુ છે કે જીત થશે તેવો તેમને વિશ્વાસ હતો. તેમણે કહ્યુ હતુ કે મુશ્કેલ સ્થિતીમાં પણ લોકો તેમની સાથે ઉભા રહ્યા છે. કોઈ પણ ઉમેદવાર પુટિનને ટક્કર આપી શક્યા નથી.

# લાલૂ વધુ એક કેસમાં દોષિત

**સજાના મામલામાં ૨૧, ૨૨ અને ૨૩મી માર્ચે દલીલબાજી થશે : ડુમકા તિજોરીમાંથી કુલ ૩.૭૬ કરોડ રૂપિયાની ઉચાપતના મામલામાં લાલૂને અપરાધી જાહેર કરાયા : જગન્નાથ મિશ્રા અને અન્યો નિર્દોષ જાહેર કરાયા**

રાંચી,તા. ૧૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ઘાસચારા કોંભાડના ચોથા કેસમાં પણ ઝારખંડની રાંચી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ યાદવને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. ડુમકા તિજોરીમાંથી ગેરકાયદેરીતે નાણાની ઉચાપતના કેસમાં રાંચીની ખાસ સીબીઆઈ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. આ રીતે ઘાસચારા કૌભાંડના છ પૈકી ચાર કેસોમાં લાલૂ યાદવને દોષિત ઠેરવવામાં આવી ચુક્યા છે. ડુમકા તિજોરીમાંથી ગેરકાયદે નાણાંકીય ઉચાપતના મામલામાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમની સાથે મહેન્દ્રસિંહ બેદી, અધિકચંદ્ર, ધ્રુવ ભગત અને અનંતકુમારને પણ નિર્દોષ છોડવામાં આવ્યા હતા. મામલામાં લાલૂને સજાના સંદર્ભમાં ચર્ચા અને દલીલબાજી ૨૧, ૨૨ અને ૨૩મી માર્ચના દિવસે થશે. લાલૂ યાદવ હાલમાં બિમાર છે અને રાંચી ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સમાં ભરતી છે. છેલ્લા ત્રણ દિવસથી હોસ્પિટલમાં ભરતી હતા. ચુકાદા સામે લાલૂ કોર્ટમાં ઉપસ્થિત હતા. તે પહેલા શનિવારના દિવસે ચુકાદો આવનાર હતો પરંતુ ટાળી દેવામાં આવ્યો હતો. રવિવારના દિવસે લાલૂ યાદવને મળવા તેમના પુત્રો તેજપ્રતાપ અને તેજસ્વી પહોંચ્યા હતા. તબીબોના કહેવા મુજબ લાલૂને પેરિએનલ એબ્સિસની તકલીફ છે. તેમને ડાયાબિટીસ અને હાઈપર ટેન્શન છે. આ અગાઉ ફેબ્રુઆરીના

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં લિંગાયતને અલગ જ ધર્મની માન્યતા

**કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી પહેલા મોટો નિર્ણય : મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની ધર્મગુરુઓની સાથે બેઠક યોજ્યા બાદ બહાલી આપી**

બેંગ્લોર,તા. ૧૯

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીએ મોટો



નિર્ણય કર્યો છે. સરકારે લિંગાયત સમુદાયને અલગ ધર્મ માટે દરજ્જો આપવાની માંગ સ્વીકારી લીધી છે. આની સાથે જ મોટી ચૂંટણી રમત પણ રમી દીધી છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ આની નિંદા કરીને સમાજને વિભાજિત કરવાની રણનીતિ રમવાનો આક્ષેપ કર્યો છે. બીજી તરફ કોંગ્રેસ પાર્ટીએ આને મંજુરી આપીને કેન્દ્રની ભાજપ સરકાર ઉપર દબાણ વધારી દીધું છે. લિંગાયત સમુદાયને અલગ ધર્મનો દરજ્જો આપવાની માંગ છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી હતી. ધર્મગુરુઓ દ્વારા આ પ્રકારની માંગણી કરવામાં આવી રહી હતી. વિધાનસભાની ચૂંટણી પહેલા આના પર મંજુરીની મહોર મારીને કોંગ્રેસે નાગમોહનદાસ સમિતિની ભલામણોને સ્વીકારી લેવાનો નિર્ણય કર્યો છે. આજે સવારે લિંગાયત સમુદાયના ધર્મગુરુઓ સાથે મુખ્યમંત્રી સીદ્ધારમૈયાએ બેઠક યોજી હતી.

## અખિલેશ લાલુની સાથે પણ હાથ મિલાવવા ઈચ્છુક

લખનૌ,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં હાલમાં ફુલપુર અને ગોરખપુર લોકસભાની પેટાચૂંટણીમાં સાથે મળીને જીત મળ્યા બાદ ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ આશાવાદી દેખાઈ રહ્યા છે. બહુજન સમાજ પાર્ટી સાથે હાથ મિલાવ્યા બાદ હવે અખિલેશ હવે આરજેડીના નેતા લાલુ યાદવના સંપર્કમાં છે. લાલુ યાદવ સાથે હાથ મિલાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી ચુક્યાછે. અખિલેશે હવે પાર્ટીના નાયબ અધ્યક્ષ કિરણમોય નંદાને લાલુ અને તેજસ્વી યાદવ સાથે મુલાકાત કરવા માટે જવાબદારી સોંપી દીધી છે.

## આરુષિ હત્યાના મામલે સુપ્રીમે અરજી સ્વીકારી

નવીદિલ્હી, તા. ૧૯

આરુષિ હત્યાકેસમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે નોકર હેમરાજના વિધવા દ્વારા પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને સ્વીકારી લીધી હતી. ગયા વર્ષે ૧૨મી ઓક્ટોબરના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટે રાજેશ અને નુપુર તલવારને આરુષિ હત્યા મામલામાં નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. બંનેને નિર્દોષ છોડી મુકવા સામે આ અપીલ દાખલ કરવામાં આવી છે.

# હવે મફત ડેટાની ભેટ મોદી સરકાર આપે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય ચૂંટણી પહેલા ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા યુવાનોને આકર્ષિત કરવા માટે મોટો દાવ રમવા માટે તૈયાર છે. મોદી સરકાર લોકોને ફ્રી ડેટા આપવાની યોજના બનાવી રહી છે. આ યોજનાની શક્યતા ચકાસવામાં આવી રહી છે. સુત્રોના કહેવા મુજબ ટેલિકોમ મંત્રાલય હાલમાં આના પર કામ કરી રહ્યુ છે. આશરે એક વર્ષની લાંબી ચર્ચા વિચારણા કર્યા બાદ હવે યોજનાનિર્ણાયક તબક્કામાં પહોંચી હોવાના હેવાલ મળી રહ્યા છે. સરકાર આ યોજનાને વર્ષ ટુંક સમયમાં જ રજૂ કરી શકે છે. સરકાર આ પ્રયાસને નોટબંધી બાદ ડિજિટલ લેવડદેવડ તરીકે રજૂ કરવા માટે ઈચ્છુક છે. સુત્રોના કહેવા મુજબ યુનિવર્સલ ઓબ્લિગેશન ફંડથી આ સ્કીમને આગળ વધારી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

SWIGGY FOOD DELIVERY APP
ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
March 20 to 25 • સવારે ૯ થી સાંજે ૬
જોઈએ છે ફુલટાઈમ / પાર્ટટાઈમ પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

SANDHAR
Growth. Motivation. Better Life

31 manufacturing facilities across 8 states of India and 4 overseas facilities^ in Spain, Mexico and Poland.

ONE OF THE MANY GROWTH COMPONENTS OF SANDHAR

- India's leader in 'two-wheeler locking systems' & 'commercial vehicle rear view' markets*
- One of the two largest Indian companies in 'commercial vehicle locking systems' & 'two-wheeler rear view' markets*
- One of the two largest Indian manufacturers of 'operator cabins', and the largest player in the 'excavator cabins' market*
- Customer portfolio of 79 Indian and global OEMs across various segments
- Manufactures 21 categories of products for two-wheelers, passenger vehicles, commercial vehicles, off-highway vehicles, tractors and non-automotive segment
- 5 manufacturing facilities in India are currently under process of commissioning



*Source: CRISIL Report. ^Including 3 manufacturing facilities and 1 assembly and packaging centre.

**SANDHAR TECHNOLOGIES LIMITED: Registered Office:** B-6/20, L.S.C. Safdarjung Enclave, New Delhi – 110 029, India
**Corporate Office:** 13, Sector – 44, Gurugram – 122 002, Haryana, India; **www.sandhargroup.com**

SANDHAR TECHNOLOGIES LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (“**Equity Shares**”) and has filed a Red Herring Prospectus with the Registrar of Companies, Delhi and Haryana. The Red Herring Prospectus will be available on the website of the SEBI at www.sebi.gov.in and the websites of the Book Running Lead Managers at www.icicisecurities.com and www.axiscapital.co.in. Any potential investor should note that investment in Equity Shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled *“Risk Factors”* on page 20 of the Red Herring Prospectus as supplemented by an addendum cum corrigendum dated March 13, 2018. Investors should not refer to the DRHP for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the “**U.S. Securities Act**”) and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, U.S. persons (as defined in Regulation S under the U.S. Securities Act) (“**Regulation S**”) except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. No public offering of securities is contemplated in the United States.

**This announcement has been prepared for publication in India and may not be released in the United States. This announcement is not an offer to sell or a solicitation of any offer to buy securities of our Company in the United States.**

Adfactors/584